સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૨૯/૦૮/૨૦૨૫
રજી. તારીખ : ૨૯/૦૮/૨૦૨૫
ફેસલ તારીખ : ૨૦/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિન

પોરબંદરના મ્હે. જીલ્લા ન્યાયાધીશ સમક્ષ, જી. પોરબંદર.

ફોજદારી અપીલ નં.૯૨/૨૦૨૫

આંક :–

નીતા સી ફુડના પ્રોપરાઇટર
દેવાંગ કીશોર દાવડા
ઉ.વ.આ. ૫૫, ધંધો: વેપાર,
રહે.સંગીત સરીતા એપાર્ટમેન્ટ,
આદીનાથ નગર,
વિશરામ નગર બસ સ્ટેશન,
મેમનગર,અમદાવાદ..એપેલેન્ટ.

:: વિરૂધ્ધ ::

(૧) **અનીલભાઇ રણછોડભાઇ શીયાળ**
ઉ.વ.આ. ૪૩, ધંધો: મચ્છી સપ્લાઇનો,
(૨) **ખ્યાતીબેન અનીલભાઇ શીયાળ**
ઉ.વ.આ. ૪૩, ધંધો: મચ્છી સપ્લાઇનો,
રહે. બંને શિવમ, ભદ્રકાલી પાનવાળી શેરી,
કૈલાશ ગેરેજ પાછળ, ઝુરીબાગ,
પોરબંદર.
(૩) **શ્રી સ ર કા ર**..રીસ્પોન્ડન્ટસ.

બાબત:– પોરબંદરના વિ. બીજા એડી.ચીફ જયુડી.મેજી. કોર્ટના ફો.કે. નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામમાં તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ હુકમ સામે બી. એન. એસ.એસ.ની કલમ ૪૧૫ મુજબ અપીલ.

....
એપેલેન્ટ તરફે વિ. વ. શ્રી જે. એમ. મહેતા
રીસ્પોન્ડન્ટ નં. ૧ તથા ૨ તરફે વિ.વ.શ્રી જે. ડી. સલેટ
રીસ્પોન્ડન્ટ નં. ૩/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી એસ. બી. જેઠવા
....

:: ચુકાદો ::

(૧) એપેલેન્ટ દવારા હાલની ફોજદારી અપીલ પોરબંદરના વિ. બીજા એડી. ચીફ જયુડી. મેજી.નાઓ દવારા તેમની સમક્ષની ફો.કે.નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ આખરી હુકમ વિરૂધ્ધ કરેલી છે.

(૨) ફો.કે. નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે હાલના એપેલેન્ટનાઓ મુળ આરોપી તરીકે હતા અને રીસ્પોન્ડન્ટસ નં.૧ – ૨ નાઓ ફરીયાદી તરીકે હતા. જે કેસમાં ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.૧–૨ નાઓએ આરોપી/એપેલેન્ટની સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ હેઠળ ફરીયાદી કરી હતી.

(૩) ક્રિમીનલ અપીલની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના એપેલેન્ટને પોરબંદરના વિ. બીજા એડી. ચીજફ જયુડી.મેજી.નાઓ દવારા તેમની સમક્ષના ફો.કે. નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો તથા ફરીયાદીને વળતર પેટે રૂા. ૧૦,૦૦,૦૦૦/– ચુકવવાનો તથા આરોપીએ વચગાળાના વળતર પેટે જે રકમ ચુકવેલ હોય તે રકમ તેઓને મજરે આપવાનો હુકમ કરેલ. જે હુકમ સામે એપેલેન્ટ/આરોપીનાઓએ હાલની અપીલ દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ થયેલ હકીકતો તથા પુરાવાનો કોઈપણ જાતનો અભ્યાસ કર્યા વિના હુકમ કરેલ છે. એપેલેન્ટના બચાવની મહત્વની હકીકતો ધ્યાને લીધા વિના વિ. ટ્રાયલ કોર્ટે હુકમ કરેલ છે અને વિ. ટ્રાયલ કોર્ટે એપેલેન્ટનો બચાવ ન માની અને ભુલ ભરેલો હુકમ કરેલ છે. આ કામના રીસ્પોન્ડન્ટનાઓએ જે પેઢીને માલ આપેલ હોવાનું જણાવેલ છે તે પેઢીને આરોપી તરીકે જોડેલ નથી તે મહત્વની હકીકત

ધ્યાને લીધા વિના વિ. ટ્રાયલ કોર્ટે તે હકીકત ન માની જે હુકમ કરેલ છે તે ભુલ ભરેલો છે. આ કામના રીસ્પોન્ડન્ટનાઓએ પોતાની ફરીયાદમાં કઇ તારીખે માલ આપેલ કેટલી રકમનો માલ આપેલ તેની કોઇ વિગત જણાવેલ ન હોવા છતાં ટ્રાયલ કોર્ટે ફરીયાદની હકીકત માની જે હુકમ કરેલો છે તે ભુલ ભરેલો છે. જેથી ટ્રાયલ કોર્ટે ફરમાવેલ હુકમ રદ કરી આ અપીલ મંજુર કરી એપેલેન્ટને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

(૪) આ કામે રીસ્પોન્ડન્સને નોટીસ કાઢતાં રીસ્પોન્ડન્ટ નં. ૧ તથા ૨ તરફે વિ.વ.શ્રી જે.ડી. સલેટનાઓ તથા રીસ્પોન્ડન્ટસ નં. ૩/શ્રી સરકાર તરફે વિ.પી. પી.શ્રી એસ. બી. જેઠવાનાઓ હાજર થયેલા છે.

(૫) સદર ક્રિમીનલ અપીલના કામે એપેલેન્ટ તરફે વિ.વ.શ્રી ડી. એચ. સાદીયાનાઓએ આંક–૩૭ થી લેખીત દલીલ રજુ કરીછે. જે વંચાણે લીધી. રીસ્પોન્ડન્ટ નં. ૧ તથા ૨ નાઓ તરફે વિ.વ.શ્રી જે. ડી. સલેટનાઓએ તથા રીસ્પોન્ડન્ટ નં. ૩/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી એસ. બી. જેઠવાનાઓએ મૌખીક દલીલ કરેલ છે. જે દલીલો સાંભળી તથા ફોજદારી કેસ નં. ૨૪૯૯/૨૦૧૯ નું અસલ રેકર્ડ વંચાણે લીધું.

અપેલન્ટ તરફે દલીલો:

(૬) એપેલેન્ટ તરફે વિ. વ. શ્રી જે. એમ. મહેતાનાઓએ એવી દલીલ કરી છે કે, વિ. ટ્રાયલ કોર્ટે જે ઠરાવ આપેલ છે તે ઠરાવ પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કર્યા વિના આપેલ છે. વિ. ટ્ાયાલ કોર્ટે સમગ્ર પુરવાનું મુલ્યાંકન કરતી વખતે સરતપાસ તથા ઉલટ તપાસની વિગતો વંચાણે લઇ તટસ્થ હકીકતો તારવી નિર્ણય કરવો જોઇએ પરંતુ વિ. ટ્રાયલ કોર્ટે એપેલેન્ટને સજા કરવાના તે અંગેના મુદ્દાઓ વંચાણે લઇ એકતરફી પુરાવાનું મુલ્યાંકન કરેલ છે. આ કામની ફરીયાદ વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપીને નીતા સી કુડના પ્રોપરાઇટર તરીકે દર્શાવવામાં આવેલા છે પરંતુ સદર નીતા સી કુડનામની પેઢીને કોઇ નોટીસ કરવામાં આવેલી નથી કે તેને ફરીયાદમાં જોડવામાં આવેલ નથી. આ કામના ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદી અને આરોપી વચ્ચે ઓળખાણ થતા આરોપીએ મચ્છીને લગતો

વેપાર ધંધો કરતા હોય અને આરોપીએ ફરીયાદીની પાસેથી સમય અંતરે મચ્છીનો માલ ખરીદ કરેલ અને જે અનુસંધાને બીલની લેણી રકમ રૂા. ૨૦,૦૦,૦૦૦/– ચુકવવા આરોપીએ ચેક આપેલ હતા તેવી હકીકત ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ છે પરંતુ સદર ફરીયાદના ધંધાકીય વ્યવહારના કોઈપણ દસ્તાવેજો ફરીયાદીએ રજુ કર્યા નથી. ફરીયાદીએ ઉલટ તપાસમાં માલ પેટે ચેક અને બાકી રૂા. ૧,૦૬,૨૪,૦૦૦/– અન્વયેના બીલો રજુ કરવાનું કહેતાં ફરીયાદીએ આંક–૩૭ થી બીલો રજુ કરેલ છે. જે બીલો નીત સી કુડના છે. જો માલ ફરીયાદી પેઢીએ આપ્યો હોય તો બીલ ફરીયાદીના હોય પરંતુ બીલો નીત સી કુડના નામના છે. વધુમાં માર્ક–૩૭/૧ વંચાણે લેતાં ફરીયાદની બાકી રકમ રૂા. ૭૬, ૧૯,૧૧૭/– હોવાનું જણાય છે. રૂા. ૧,૦૬,૨૪,૦૦૦/–ની કોઇ રકમ બાકી રહેતી હોવાનું પુરાવા પરથી જણાતું નથી. આમ સમગ્ર હકીકત જોવામાં આવે તો વિ. ટ્રાયલ કોર્ટે જે હુકમ ફરમાવેલ છે તે ભુલવાળો છે. જેથી વિ. ટ્રાયલ કોર્ટે ફરમાવેલ હુકમને રદ ઠરાવી એપેલેન્ટને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયના હીતમાં હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

બચાવપક્ષની દલીલો:

(૭) રીસ્પોન્ડન્ટસ નં. ૩/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી એસ. બી. જેઠવાનાઓએ દલીલ કરી જણાવેલ કે, વિ. ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે રજુ થયેલ તમામ પુરાવાઓનું યોગ્ય રીતે મુલ્યાંકન કરીને ચુકાદો આપેલ છે જે યોગ્ય અને ન્યાયી છે. વિ. ટ્રાયલ કોર્ટે એપેલેટન્ટને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ફોજદારી કેસ નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામમાં વિ. ટ્રાયલ કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા તથા ફરીયાદીને વળતર પેટે રૂા. ૧૦,૦૦,૦૦૦/– ચુકવવાનો હુકમ કરેલ છે તે ખરો અને યોગ્ય છે. સદર ચુકાદો પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરીને આપવામાં આવેલ છે જેથી તેમાં કોઇ હસ્તક્ષેપ કરવાપાત્ર નથી. આ કામના ફરીયાદીએ ૨૦૧૭ ની સાલમાં ફોજદારી કેસ નં. ૬૨૭/૨૦૧૭ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો દાખલ કરેલ હતો. જે કામમાં તા. ૦૫/૦૧/૨૦૧૯ ના રોજ કોર્ટ સમક્ષ સમાધાન થયેલ તે અંગે આંક–૦૧ તથા તે હેઠળ થયેલ હુકમ તથા જે અંગેની સમાધાન પુરશીસ આંક–૧૨૩ થી

રજુ કરેલ છે. આ કામના આરોપી નીત સી કુટના પ્રોપરાઇટર છે તેથી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૧ મુજબ કોઇ પેઢી જોડવી જરુરી નથી. કોર્ટ સમક્ષના સમાધાનમાં ફરીયાદીનું લેણું આરોપીએ સ્વીકારી ચેક આપેલ હતો. આરોપીએ તે સમાધાન પુરશીસને ચેલેન્જ કરેલ નથી. તે સમાધાન કરવા આરોપીને કોઇ દબાણ કરવામાં આવ્યું ન હતું અને તેઓએ સ્વૈચ્છાએ સમાધાન કર્યું હતું. આરોપીએ તેઓ વિરૂધ્ધના અનુમાનનું ખંડન કર્યું નથી. જેથી વિ. ટ્રાયલ કોર્ટેદ જે ચુકાદો આપેલ છે તે યોગ્ય અને કાયદેસરનો છે. જેથી હાલની અપીલ નામંજુર કરવા અરજ ગુજારી છે.

મુદાઓ:

(૮) બન્ને પક્ષની રજુઆત તથા રેકર્ડ ધ્યાને લેતા સદર અપીલના નિર્ણય અર્થે નીચે મુજબના મુદઓ ઉપિસ્થત થાય છે.

(૧) શું વિ. બીજા એડી. ચીફ જયુડી.મેજી.પોરબંદરનાઓ દવારા ફોજદારી કેસ નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ આખરી હુકમ ફરમાવેલ છે તે હુકમ અન્યાયી, ગેરકાયદેસરનો અને કાયદાના સિધ્ધાંત વિરૂધ્ધનો છે ? તથા તે હુકમમાં હસ્તક્ષેપ કરવો ઉચિત અને જરૂરી છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

<u>-:: કારણો ::-</u>

(૧૦) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો તથા ટાયલ કોર્ટનું રેકર્ડ તથા ચુકાદો વંચાણે લીધો. રીસ્પોન્ડન્ટ નં. ૧ તથા ૨/ફરીયાદીનાઓએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ એપેલેન્ટ વિરૂધ્ધ કોર્ટમાં ફરીયાદ કરી છે. જે કેસની વિગતો ધ્યાને લેતાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ છે કે, ફરીયાદી મચ્છી લે વેચનો વેપાર ધંધો

કરે છે અને આરોપી પણ મચ્છી લે વેચનો ધંધો કરતા હોય આરોપીએ ફરીયાદી પાસેથી સમયાંતરે મચ્છીનો માલ ખરીદ કરેલ હતો. જે અનુસંધાને મચ્છી ખરીદીની રકમ ચુકવવા આરોપીએ ફરીયાદીને ચેક આપેલ. જે ચેક ફરીયાદીએ બેંકમાં વટાવવા સારુ રજુ કરતા ચેક પરત ફરેલો. જેથી તે અનુસંધાને ફરીયાદીએ આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના અંગેની ફરીયાદ દાખલ કરેલી. જેને ફોજદારી કેસ નં. ૬૨૭/૨૦૧૭ આપવામાં આવેલો. જે કેસમાં એપેલેન્ટ/આરોપી તથા રીસ્પો.નં. ૧–૨/ફરીયાદી વચ્ચે તા. ૦૫/૦૧/૨૦૧૯ ના રોજ કોર્ટ સમક્ષ સમાધાન થયેલ. જે સમાધાન મુજબ આરોપીએ તેમના ખાતાના એચ.ડી. એફ.સી. બેંક પોરબંદર શાખાના નવા ચેકો (૧). ચેક નં. ૦૦૦૪૮૨, તા. ૦૧/૦૫/૨૦૧૯, રૂા. ૧૦,૦૦,૦૦૦/–નો આપેલા હતો અને તે વખતે આરોપીએ ફરીયાદીને એવા વચન અને વિશ્વાસ ખાત્રી આપેલ કે પાકતી તારીખે ચેકમાં જણાવેલ પુરેપુરી રકમ તેઓને મળી જશે. ઉપરોકત જણાવેલ બે ચેક પૈકી એપેલેન્ટ/આરોપીના એચ.ડી.એફ.સી. બેંક પોરબંદરમાં ચાલતા ખાતાના ચેક નં. ૦૦૦૪૮૨ રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/– નો તા. ૦૧/૦૫/૨૦૧૯ ના રોજનો ફરીયાદીએ તેઓના એચ.ડી.એફ.સી. બેંક પોરબંદર શાખામાં ચેક વટાવવા માટે નાખતા તે ચેક તા. ૦૧/૦૫/૨૦૧૯ ના રોજ ફંડ ઈન્સફીશીયન્ટના શેરા સાથે વગર વસુલાતે પરત આવેલો. જે અસલ ચેક ટ્રાયલ કોર્ટના રેકર્ડમાં આંક–૦૮ થી તથા અસલ ચેક રીટર્ન મેમો આંક–૧૦ થી રજુ છે. આમ તે ચેક આરોપીના ખાતામાં અપુરતુ ભંડોળ હોવાના કારણે પરત ફરેલ હતો. તે રીતે ફરીયાદીએ આંક–૦૮ થી રજુ તા. ૦૧/૦૫/૨૦૧૯ ના રોજના ચેકને સમય મર્યાદામાં વટાવવા માટે બેંકમાં કરીયાદીના ખાતામાં રજુ કર્યો હોવાનું પુરવાર થાય છે.

(૧૧) ત્યારબાદ તા. ૦૧/૦૫/૨૦૧૯ ના રોજના ચેક રીટર્ન મેમો ફરીયાદીને મળ્યા પછી ફરીયાદીએ તા. ૧૮/૦૫/૨૦૧૯ ના રોજની આરોપીને સ્ટેચ્યુટરી ડીમાન્ડ નોટીસ તા. ૨૧/૦૫/૨૦૧૯ ના રોજ આર.પી.એ.ડી. પોસ્ટ મારફતે મોકલી આપેલી અને તે રીતે ચેક રીટર્ન મેમો પરત મળ્યાના ૩૦ દિવસની અંદર સમય મર્યાદામાં તેવી સ્ટેચ્યુટરી નોટીસ આપેલાનું પુરવાર થાય છે. તેવી સ્ટેચ્યુટરી નોટીસની ઓફીસ કોપી આંક–

૧૧ થી રજુ છે તથા તે સ્ટેચ્યુટરી નોટીસ આર.પી.એ.ડી. પોસ્ટથી એપલન્ટ/આરોપીના સરનામે એલ.જી. ૨, સંગીત સરીતા એપાર્ટમેન્ટ, આદીનાથ નગર, વિશરામનગર બસ સ્ટેશન, મેમનગર, અમદાવાદ મુકામે મોકલી આપેલી જે પોસ્ટની સ્લીપ આંક–૧૨ થી રજુ છે. જે આર.પી.એ.ડી. પોસ્ટના ટ્રેકીંગ રીપોર્ટ આંક–૧૩ થી રજુ છે. જે વંચાણે લેતાં તે ડીમાન્ડ નોટીસ તા. ૨૩/૦૫/૨૦૧૯ ના રોજ ડીલીવર કરવામાં આવી છે. આંક–૧૧ થી રજુ ડીમાન્ડ નોટીસમાં જે સરનામું દર્શાવવામાં આવેલ છે તે જ સરનામું એપેલેન્ટ/આરોપીએ હાલની અપીલમેમો આંક–૦૧ માં પોતાનું સરનામું દર્શાવેલ છે અને તે જ સરનામે ડીમાન્ડ નોટીસ આપવામાં આવી છે.

(૧૨) ફરીયાદ દાખલ થયા પછી આરોપીને સમન્સ ઈસ્યુ કરતાં તે સમન્સ આરોપીએ સ્વિકારેલ છે. તે જોતાં એપેલેન્ટ/આરોપીને તેના રજીસ્ટર્ડ રહેઠાણના સરનામે અમદાવાદ મુકામે ડીમાન્ડ નોટીસની બજવણી કરવામાં આવી છે. ત્યારબાદ એપેલેન્ટ/આરોપીનાઓએ તેવી ડીમાન્ડ નોટીસનો કોઈ જવાબ આપ્યો નથી. ડીમાન્ડ નોટીસની બજવણી થયા બાદ દિન–૧૫ માં આરોપીએ ચેકની રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/– ફરીયાદીને ચુકવેલ નથી. ત્યારબાદ ફરીયાદીએ તા. ૦૪/૦૭/૨૦૧૯ ના રોજ કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ આપી છે અને તે રીતે ડીમાન્ડ નોટીસ આપ્યા બાદ ૧૫ દિવસમાં ચેકની રકમ આરોપીએ નહી ચુકવતા ફરીયાદનું કારણ ઉત્પન્ન થયા પછી દિન–૩૦ માં ફરીયાદીએ ફરીયાદ કરી છે તે જોતાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ તથા કલમ ૧૪૨ ધ્યાને લેતાં યોગ્ય સમય મર્યાદામાં મેન્ડેટરી કાર્યવાહી કરવામાં આવી છે. તે રીતે ફરીયાદને સમય મર્યાદાનો બાધ નડતો હોવાનું જણાતું નથી.

(૧૩) ફરીયાદીએ તેની ફરીયાદમાં જણાવેલ છે કે, આંક–૦૮ થી રજુ ચેકમાં આરોપીએ સહી કરીને આપેલ છે. આરોપીએ ડીમાન્ડ નોટીસનો જવાબ આપેલ નથી. આંક–૦૮ થી રજુ ચેક વંચાણે લેતાં તે ચેકમાં આરોપીએ સહી કરી છે. સદર ચેકમાં એપેલેન્ટ/આરોપીનાઓએ સહી ન કરી હોવા અંગે કોઈ બચાવ લીધો નથી તથા તે ચેકમાં આરોપીની સહી નહી હોવા

બાબતે ચેક રીટર્ન મેમોમાં કારણ દર્શાવેલ નથી. તે ઉપરાંત ફરીયાદીની ઉલટ તપાસમાં તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબના વિશેષ નિવેદનમાં આરોપીએ જે બચાવ રજુ કર્યો છે તે મુજબ ફરીયાદીની કોઇ કાયદેસરની રકમ આરોપી પાસે બાકી રહેતી નથી અને આરોપીના સીકયુરીટીના ચેકનો દુરૂપયોગ ફરીયાદીએ કરી આરોપીની જાણ બહાર ચેક નાખી ખોટી ફરીયાદ કરેલ છે. આમ તે વિગતો જોતા આંક–૦૮ થી રજુ ચેકમાં એપેલેન્ટ/આરોપીએ જ સહી કરી હોવાનો સ્વિકાર કરેલ છે. જેથી તે તમામ વિગતો જોતાં આંક– ૦૮ થી રજુ ચેકમાં આરોપીએ સહી કરી હોવાનું પુરવાર થાય છે. જેથી તેવો ચેક આરોપીએ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવું અનુમાન નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮, ૧૩૯ તથા ૧૧૮ અન્વયે કરવાપાત્ર થાય છે. આંક–૦૮ વાળો ચેક આરોપીએ તેમના કાયદેસરના દેવા કે જવાબદારી ચુકવવા માટે આપેલ છે તેવા અનુમાનનું ખંડન કરવાની જવાબદારી એપેલેન્ટ/આરોપી ઉપર છે. નામ. સુપ્રિમ કોર્ટના **રંગપ્પા વિ. શ્રીમોહન,** ૨૦૧૦ ૧૧ એસ.સી.સી. ૪૪૧ ના ચુકાદામાં ઠરાવેલ છે કે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળના આરોપી વિરૂધ્ધના કેસમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન આરોપી કેવી રીતે કરી શકે. જે ધ્યાનમાં લેતાં આરોપીનાએ તેવો ચેક કાયદેસરનું દેવું કે જવાબદારીની ચુકવણી માટે આપેલ નથી તે હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષના સાહેદોની ઉલટતપાસથી અથવા જાતે સોગંદ ઉપર જુબાની આપી શકે અથવા તો ફરીયાદપક્ષ પાસે તેવા કાયદેસરના દેવા કે જવાબદારી હોવા અંગેના દસ્તાવેજ અને વિગતોની માંગણી કર્યેથી અને તેવા દસ્તાવેજો ફરીયાદપક્ષે રજુ કરવામાં નિષ્ફળ ગયેથી તથા આરોપીએ પોતાના કેસના બચાવમાં એવી વિગતો રેકર્ડ ઉપર લાવવી જોઈએ કે જેથી સંભાવનાઓની પ્રબળતા આરોપીની તરફેણમાં ઉભી થાય અને તે રીતે તેવા અનુમાનનું ખંડન આરોપી કરી શકે છે. ઉપરોકત ચર્ચા મુજબ હાલના કામે આંક–૦૮ થી રજુ ચેક આરોપીએ સહી કરીને ફરીયાદીને આપેલ હોવાનું પુરવાર થયું છે. જેથી તેવો ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની ચુકવણી માટે જ ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું આરોપી વિરૂધ્ધ અનુમાન કરવાપાત્ર થાય છે.

(૧૪) આ તબકકે નામ. સર્વોચ્ચ અદાલતના ***Hiten P.Dalal Versus Bratindranath Banerjee*** reported in 2001(6) SCC 16 ના ચુકાદામાં કરેલ અવલોકનો ધ્યાને લેવા આવશ્યક જણાય છે. જે નીચે મુજબ છે.

> "21. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in State of Madras V/s. A. Vaidyanatha Iyer, AIR 1958 SC 61, it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. "It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused" (ibid). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.(1958 CriLJ 232)"

(૧૫) વધુમાં ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

"Section 139:

> PRESUMPTION IN FAVOUR OF HOLDER– It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

(૧૬) ઉપરોકત કલમ અનુસંધાને ચેક ધારકના લાભમાં ફરમાવેલ અનુમાન બાબતે નામ. સર્વોચ્ચ અદાલતના ***Kumar Exports Versus Sharma Carpets*** reported in 2009 (2) SCC 513, ના ચુકાદાના અવલોકનો ધ્યાને લેવા જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

" The use of the phrase "until the contrary is proved" in Section 118 of the Act and use of the words "unless the contrary is proved" in Section 139 of the Act read with definitions of "may presume" and "shall presume" as given in Section 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and when that party has produced evidence fairly and reasonably tending to show that the

real fact is not as presumed, the purpose of the presumption is over. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non- existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue."

(૧૭) વધુમાં નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા ***Bir Singh Versus Mukesh Kumar*** reported in 2019 (4) SCC 197 ના કેસમાં કરેલ અવલોકનો પણ ધ્યાને લેવા જરૂરી જણાય છે જે નીચે મુજબ છે:

"36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.

37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and

makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

39. It is not the case of the respondent-accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent-accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt."

(૧૮) ઉપરોકત ન્યાયનિર્ણયોમાં પ્રસ્થાપીત સીધ્ધાંત જોતા નેગો. એકટની કલમ ૧૩૯ માં રીવર્સ ઓનસ આરોપીના શીરે નાખવામાં આવેલ છે અને ફરીયાદી ધ્વારા પોતાના કેસની પાયાની હકીકતો પુરવાર કર્યેથી તકરારી ચેક કાયદેસરના દેવાની ચુકવણી માટે આપવામાં આવેલ હતો તેવો અનુમાન કરવાનો રહેશે અને તે અનુમાનનું ખંડન આરોપી ધ્વારા કરવાનો રહે છે. આરોપીનાઓ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓના આધારે પણ તેમની વિરૂધ્ધના અનુમાનનું ખંડન કરી શકે છે. પરંતુ હાલના કેસમાં આરોપીએ તેમની વિરૂધ્ધના અનુમાનનું ખંડન થાય તેવી કોઇ વિગત ફરીયાદીની ઉલટ તપાસમાં રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તેમજ અનુમાનનું ખંડન કરવા માટે કોઈ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા નથી. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ વંચાણે લેતાં આરોપીપક્ષ તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવી છે. જેમાં ફરીયાદી અને આરોપી વચ્ચેના વ્યવહારો અંગેના દસ્તાવેજોની વિગતો પુછવામાં આવી છે. પરંતુ આંક–૦૮ થી રજુ ચેક કોર્ટમાં સમાધાન અન્વયે આપવામાં આવ્યા ન હોવાનો કોઈ બચાવ લીધો નથી. ફરીયાદી અને આરોપી વચ્ચે અગાઉ ફોજદારી કેસ નં. ૬૨૭/૨૦૧૭ થી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળની ફરીયાદ કરવામાં આવી હતી. જે ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થતાં ફોજદારી કેસ નં. ૬૨૭/૨૦૧૭ ના કામે આંક–૧૨૩ થી સમાધાન પુરશીસ રજુ કરવામાં આવેલી. ફોજદારી કેસ નં. ૬૨૭/૨૦૧૭ ની આંક–૧ ની ફરીયાદ તથા તે હેઠળ વિ. ત્રીજા એડી. ચીફ જયુડી.મેજી.નાઓએ કરેલ હુકમ તથા સમાધાન

પુરશીસ આંક–૪૯ થી રજુ થયેલી છે. જે વંચાણે લેતાં તે સમાધાન પુરશીસમાં એપેલેન્ટ/આરોપી તથા રીસ્પો. નં. ૧ ફરીયાદીનાઓએ સહી કરી છે અને તે સમાધાન વિ. ટ્રાયલ કોર્ટે રેકર્ડ કરેલ છે. જે સમાધાન પુરશીસની વિગતો ધ્યાને લેતાં આરોપી દેવાંગ કીશોરભાઈ દાવડાએ રૂા. ૨૫,૦૦૦/– રોકડા ફરીયાદીને આપેલા અને બાકી લેણી રકમ આરોપીએ પોતાના હસ્તાક્ષરમાં ચેક લખી સહી કરી ફરીયાદીના નામજોગ લખી આપેલ છે. જે (૧) ચેક નં. ૦૦૦૪૮૨ એચ.ડી. એફ.સી. બેંક પોરબંદર, તા. ૦૧/૦૫/૨૦૧૯, રૂા. ૧૦,૦૦,૦૦૦/– (૨) ચેક નં. ૦૦૦૪૮૩ એચ.ડી. એફ.સી. બેંક પોરબંદર, તા. ૦૧ /૦૬/૨૦૧૯, રૂા. ૯,૭૫,૦૦૦/– ચેક આપેલાની વિગતો લખવામાં આવી છે અને તે રીતે બાકી લેણી રકમનો સ્વિકાર કરીને સમાધાન અન્વયે એપેલેન્ટ/આરોપીએ નવા ચેક આપેલ હતા. તે રીતે એપેલેન્ટ/આરોપીએ ફોજદારી કેસ નં. ૬૨૭/૨૦૧૭ ના કામે ફરીયાદીનું લેણું સ્વિકારીને કોર્ટ સમક્ષ સમાધાન કરીને તે બંને ચેક આપેલા છે. તેવું સમાધાન આરોપી ઉપર બળજબરી કરી કે પ્રેશર આપી થયું હોય તેવી કોઈ વિગત આરોપી તરફે તેવા સમાધાન થયા પછી જાહેર કરી ન હતી તેમજ તેવા બંને ચેકોનું સ્ટોપ પેમેન્ટ કરાવવા બેંકમાં કોઈ કાર્યવાહી પણ કરી ન હતી અને તેથી તેવા બંને ચેક આરોપીએ ફરીયાદીના દબાણમાં આવી આપેલ હોવાનો આરોપીનો બચાવ માનવાલાયક નથી. તે બંને ચેક પૈકી ચેક નં. ૦૦૦૪૮૨ રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/–નો ફરીયાદીએ વટાવવા સારુ બેંકમાં રજુ કરતા તે ઈન્સફીશીયન્ટ ફંડના કારણ હેઠળ પરત આવતા આ ફરીયાદ કરવામાં આવી છે. જેથી જયારે આરોપીએ અગાઉના ક્રિમીનલ કેસમાં ફરીયાદીનું લેણું સ્વિકારી ફરીયાદવાળો ચેક આપ્યો હોય ત્યારે ફરીયાદીનાઓ આરોપીને મચ્છીનો માલ સપ્લાય કરવા અંગેના અને વ્યવહાર અંગેના દસ્તાવેજો રજુ ન કરે તો પણ આરોપીનાઓ તેની વિરૂધ્ધના નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ અને ૧૧૮ હેઠળના અનુમાનનું ખંડન કરે છે તેવું માની શકાય નહી.

(૧૯) આરોપીના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે સદર કામે આંક ૩૬ ના લીસ્ટથી જે ઝેરોક્ષ બીલો રજુ કરવામાં આવેલ છે તે બીલ નીત સી કુડના નામે છપાયેલ છે અને તેમા હાથેથી ફરીયાદી બી એ સી કુડસ લખે છે જેથી તે બીલ આધારે ફરીયાદીએ આરોપીને માલ આપેલ હોય તેવુ માની શકાય નહી કારણ કે જો ફરીયાદી ધ્વારા માલ આપવામા આવેલ હોય તો બીલ ફરીયાદીના નામે છપાયેલ હોવા જોઇએ. સદર બાબતે ફરીયાદીપક્ષે રજુઆત છે કે વેપારી શીરસ્તા મુજબ જેને માલ આપવામાં આવતો હોય તેના છપાયેલા બીલમાં માલની વિગત ભરી રાખવામાં આવતા હોય છે જેથી ફરીયાદીને જાણમાં રહે કે કયા ગ્રાહકને કેટલો માલ આપવામાં આવેલ છે. સદર બાબતે આંક–૩૬ના બીલો જોતા તે આરોપીના નામે છપાયેલ હોવાનું જણાય આવે છે અને તેમાં માલની વિગત તથા ફરીયાદીનું નામ હાથથી લખવામાં આવેલ છે. પરંતુ સદર કામે તકરાર ચેક ફરીયાદી અગાઉ કરેલ ચેક

બાઉન્સની ફરીયાદના કામે કોર્ટ સમક્ષ કરેલ સમાધાનમાં આપેલ હોય અને તે રીતે આરોપીએ અગાઉની ફરીયાદ કે જેમા રૂા. ૨૦ લાખનો ચેક પરત ફરેલ હોવા સબબ દાખલ કરવામાં આવેલ હતી જેનો ક્રી.કેસ.નં. ૬૨૭/૨૦૧૭ હતો અને તે ફરીયાદના કામે આંક-૧૨૩ થી રજુ થયેલ સમાધાન પેટે આપેલ હોય જેથી તકરારી ચેક કાયદેસરની જવાબદારીની અદાયગી માટે આપવામાં આવેલ હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

(૨૦) આરોપીના વિ.વ.શ્રીએ એવો બચાવ લીધો છે કે, આરોપી દેવાંગ કીશોરભાઈ દાવડાને નીત શી કુડના પ્રોપરાઈટર તરીકે જોડેલ છે પરંતુ નીત શી કુડને અલગ રીતે આરોપી બનાવેલ નથી. નીત શી કુડ એ ભાગીદારી પેઢી નથી. પરંતુ પ્રોપરાઈટરશીપ છે અને તેથી એન.આઈ.એકટની કલમ ૧૪૨ ની જોગવાઈઓ પ્રોપરાઈટરશીપને લાગુ પડે નહી. વધુમાં ફરીયાદનુ ટાઈટલ જોતા તેમા આરોપીનુ નામ 'નીત સી કુડના પ્રોપ્રાઈટર દેવાંગ કીશોર દાવડા' તરીકે ઉલ્લેખવામાં આવેલ છે જેથી તેવી ફરીયાદ ચાલવાપાત્ર છે અને આરોપી તરફેનો તે બચાવ ટકવાપાત્ર નથી. આથી તે ચર્ચા મુજબ આરોપી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮, ૧૩૯ તથા ૧૧૮ અન્વયેના તેમની વિરૂધ્ધના અનુમાનનું ખંડન કરી શકેલ નથી અને તે રીતે આરોપીએ ફરીયાદવાળો ચેક દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ નથી તેવું આરોપી તરફે પુરવાર થઈ શકયું નથી. જેથી ટ્રાયલ કોર્ટે તમામ વિગતો ધ્યાને રાખીને જે ચુકાદો આપેલ છે તે કાયદાની જોગવાઈઓને અને રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓને ધ્યાને રાખીને યોગ્ય અને કાયદેસરનો ચુકાદો આપેલ છે અને તે ચુકાદામાં કોઈ અનિયમિતતા હોવાનું જણાતું નથી.

(૨૧) આમ ઉપરોકત તમામ ચર્ચા મુજબ ટાયલ કોર્ટે જે ચુકાદો આપેલ છે તે રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે મુલ્યાંકન કરીને તથા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓનું યોગ્ય રીતે અર્થઘટન કરીને આપેલ હોવાનું જણાય છે. ટ્રાયલ કોર્ટે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર થયેલ હોવાનો આપેલ ચુકાદો ન્યાયી અને કાયદાના સિધ્ધાંત મુજબનો છે જેથી તેમાં હસ્તક્ષેપ કરવાપાત્ર નથી. એપેલેન્ટ/આરોપીએ કરેલ હાલની અપીલ કાયદેસર ટકવાપાત્ર નથી અને તે

નામંજુર થવાપાત્ર છે. ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળનો ગુનો કર્યો હોવાનું પુરવાર કરેલ હોય આરોપીને દોષિત ઠરાવવા પાત્ર છે. જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::<u>હુ ક મ</u>::–

(૧) એપેલેન્ટની હાલની ક્રિમીનલ અપીલ નં. ૯૨/૨૦૨૫ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) વિ. બીજા એડી. ચીફ જયુડી. મેજી. પોરબંદરનાઓ દવારા ફોજદારી કેસ નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ આરોપી નીત શી ફુડના પ્રોપરાઈટર દેવાંગભાઈ કીશોરભાઈ દાવડાનાઓને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ કરેલ સજા તથા વળતરનો હુકમ કાયમ કરવામાં આવે છે.

(૩) આરોપી હાલ અન્ય ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે તા. ૩૦/૦૭/૨૦૨૫ ના રોજ ફરમાવેલ હુકમ મુજબનું સજા વોરંટની કાર્યવાહી માટે વિ. ટ્રાયલ કોર્ટને યાદી કરવી.

(૪) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૨૮ ની જોગવાઈ હેઠળ આરોપીએ હાલના ગુનાના કામે ફોજદારી કેસ નં. ૨૪૯૯/૨૦૧૯ ના કામે જો કાચા કામના કેદી તરીકે જેલ ભોગવેલ હોય તો તે મજરે આપવી.

(૫) આ ચુકાદાની એક નકલ એપેલેન્ટ/આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

(૬) આ ચુકાદાની એક નકલ તથા ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ તા.૨૦ મી, માહે. જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : પોરબંદર.
તા.૨૦/૦૬/૨૦૨૬

(એમ. એ. ભટ્ટી)
સેશન્સ જજ, પોરબંદર.
(UID NO GJ01506)